ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

વાંચો અંદરના પેજ પર



નાસતો ફરતો આરોપી ઝડપાયો

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



સુરતમાં કારગીલ દિવસ ઉજવાયો

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 60 • MONDAY-27-07-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

## નેશનલ-ઈન્ટરનેશનલ

### ભારતે ઝિમ્બાબ્વેને 35 રને હરાવ્યું, T20 શ્રેણી 3-0થી કબજે કરી

**હરારે :** હરારેમાં રમાયેલી ત્રીજી T20માં ભારતે ઝિમ્બાબ્વેને 35 રને હરાવી શ્રેણી 3-0થી જીતી લીધી. વૈભવ સૂર્યવંશીએ 81 રન ફટકાર્યા, જ્યારે મયંક યાદવ અને યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરી. ભારતે 192 રન બનાવ્યા, જેના જવાબમાં ઝિમ્બાબ્વે માત્ર 157 રન કરી શક્યું. આ જીત સાથે ભારતે ઝિમ્બાબ્વેનો સૂપડા સાફ કર્યા.ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરતા ઝિમ્બાબ્વેને 35 રનથી પરાજય આપ્યો છે. આ જીત સાથે જ ભારતે T20 શ્રેણીમાં ઝિમ્બાબ્વેનો ક્લીન સ્વીપ (સૂપડા સાફ) કરી દીધો છે. મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે વિરોધી બોલરોની ધૂળધાણી કાઢતા 20 ઓવરમાં 5 વિકેટના નુકસાને 192 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં 193 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ ભારતીય બોલરોના બધાયેલા સ્પેલ સામે સંપૂર્ણપણે લાચાર દેખાઈ હતી અને નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને માત્ર 157 રન જ બનાવી શકી હતી.ભારત તરફથી ઈનિંગ્સની શરૂઆત કરવા ઉતરેલા ઓપનર અભિષેક શર્મા માટે ઝિમ્બાબ્વેનો પ્રવાસ ખૂબ જ નિરાશાજનક રહ્યો હતો.

### કોમનવેલ્થ ગેમ્સમાં 19 વર્ષનો જિમ્નાસ્ટ જમીન પર પટકાયો

ગ્લાસગો : ગ્લાસગોમાં રમાઈ રહેલા કોમનવેલ્થ ગેમ્સ 2026 માં શુક્રવારે મેન્સ જિમ્નાસ્ટિક્સ ફાઈનલ દરમિયાન એક દર્દનાક દુર્ઘટના ઘટી હતી. ઈંગ્લેન્ડનો 19 વર્ષીય એથલીટ ગેબ્રિયલ લેંગટન (Gabriel Langton) રમત દરમિયાન માથાના ભાગે સીધો જમીન પર પટકાયો હતો. આ ભયાનક અકસ્માત બાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.ગેબ્રિયલ લેંગટન હોરિઝોન્ટલ બાર પર રોટેશન કરી રહ્યો હતો ત્યારે અચાનક તેનો હાથ લપસી ગયો હતો. તે માથા અને ગરદનના ભાગે જમીન પર ફેંકાઈ જતાં આખા સ્ટેડિયમમાં સન્નાટો છવાઈ ગયો હતો. તે પોતે ઊભા રહેવામાં અસમર્થ હોવાથી મેડિકલ ટીમે તેની ગરદન અને માથાને સ્પેશિયલ સપોર્ટ આપીને સ્ટ્રેચર દ્વારા બહાર મોકલ્યો હતો. આ ઘટનાના કારણે થોડા સમય માટે રમત રોકવી પડી હતી. ઓલિમ્પિક મેડાલિસ્ટ મેક્સ વિટલોકની જગ્યાએ ટીમમાં સામેલ થયેલા લેંગટન વિના પણ ઈંગ્લેન્ડની ટીમે રમત ચાલુ રાખી હતી.

### નંદન નીલેકાણીની આગેવાનીમાં બનશે હાઈ પાવર પરીક્ષા સુધારા ટાસ્ક ફોર્સ

**નવી દિલ્હી :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નીટ (NEET) પેપર લીક બાદ પરીક્ષા પદ્ધતિમાં સુધારા લાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે જાહેરાત કરી છે કે, વિશ્વપ્રસિદ્ધ ટેકનોલોજી નિષ્ણાત નંદન નીલેકાણીની આગેવાનીમાં એક હાઈ-પાવર ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે. વડાપ્રધાને ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ભારત સરકાર સતત અનેક મહત્વપૂર્ણ પગલાં ભરી રહી છે. જે લોકોએ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખિલવાડ કર્યો છે, તેઓ જેલમાં સડી રહ્યા છે. અમે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવી ચૂક્યા છીએ, અને સંસદમાં કડક જોગવાઈઓ સાથે નવો કાયદો બનાવવાની દિશામાં પણ આગળ વધી રહ્યા છીએ.'પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, 'આપણે ભવિષ્ય વિશે વિચારવું પડશે. આપણી પરીક્ષા પદ્ધતિ વિશ્વસનિય, પારદર્શી અને એડવાન્સ ટેકનોલોજીથી સજ્જ હોવી જોઈએ. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, અમે વિશ્વપ્રસિદ્ધ ટેકનોલોજી એક્સપર્ટ નંદન નીલેકાણીના નેતૃત્વમાં એક હાઈ-પાવર ટાસ્ક ફોર્સ ગઠિત કરવાનો નિર્ણય લીધો છે.'વડાપ્રધાને જણાવ્યું હતું કે, આ ટાસ્ક ફોર્સ પરીક્ષા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, અને તેના રિપોર્ટના આધારે આગામી પરીક્ષાઓની વિશ્વસનીયતા શક્ય તેટલી વહેલી તકે સુનિશ્ચિત કરવામાં આવશે.

### રાજકારણમાં ભ્રષ્ટાચાર વધી ગયો છે, હવે ચૂંટણી નહીં લડું:સિદ્ધારમૈયા

**બેંગ્લુરુ :** કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા (Siddaramaiah)એ રાજકારણમાં મોટી જાહેરાત કરી છે કે, તેઓ આગામી વિધાનસભા ચૂંટણી નહીં લડે. મંચ્યામાં આપેલા નિવેદન અને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમણે પોતાના ભવિષ્ય અને રાજકીય નિવૃત્તિ અંગે સ્પષ્ટતા કરી છે. તેમની આ જાહેરાત બાદ રાજ્યના રાજકારણમાં ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, 'હું 2028ની વિધાનસભા ચૂંટણી નહીં લડું. હું હવે 79 વર્ષનો થઈ ગયો છું. આપણી સરકારનો કાર્યકાળ હજુ દોઢ વર્ષ બાકી છે, ત્યાં સુધીમાં હું 81-82 વર્ષનો થઈ જઈશ. મારું સ્વાસ્થ્ય હવે પહેલા જેવું રહ્યું નથી. હવે મારા માટે પહેલા જેવા જોશ અને ઉત્સાહ સાથે કામ કરવું શક્ય નથી.'રાજકીય નિવૃત્તિનો સંકેત આપતાં તેમણે કહ્યું હતું કે, 'આજે રાજકારણમાં ભ્રષ્ટાચાર આવી ગયો છે. ઈમાનદાર રાજકારણ માટે હવે કોઈ જગ્યા બચી નથી. પહેલાં જ્યારે હું ચૂંટણી લડતો હતો, ત્યારે વિસ્તારના લોકો અમને પૈસા આપતા અને અમારી જીત સુનિશ્ચિત કરતા હતા. પરંતુ આજે એવી સ્થિતિ રહી નથી. હવે જો આપણે ચૂંટણી લડીએ તો લોકોને પૈસા આપવા પડે છે. આ જ વાતાવરણને જોઈને મેં ભવિષ્યમાં ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો છે.'પોતાના રાજકીય જીવનને યાદ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, '2028 સુધીમાં મારા રાજકીય જીવનના 50 વર્ષ પૂરા થઈ જશે. મેં 1978માં તાલુકા બોર્ડના સભ્ય તરીકે મારી રાજકીય સફર શરૂ કરી હતી. મેં હાર અને જીત બંને જોઈ છે.

## ક્લીન એન્ડ જર્કમાં બતાવી પકડ : સ્નેચમાં બનાવ્યો નવો ગેમ્સ રેકોર્ડ

# કોમનવેલ્થ ગેમ્સમાં મીરાબાઈ ચાનૂએ ઈતિહાસ રચ્યો, ભારતને અપાવ્યો સતત ત્રીજો ગોલ્ડ

### ચાનૂએ પોતાની કેટેગરીમાં શરૂઆતથી જ વર્ચસ્વ જાળવી રાખ્યું હતું

**• ગ્લાસગો**

ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂએ 2026 કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા 48 કિલો વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. તેમણે સ્નેચમાં 85 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 105 કિલો મળી કુલ 190 કિલો વજન ઊંચકીને આ સિદ્ધિ મેળવી. ચાનૂએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સતત ત્રીજી વાર ગોલ્ડ મેડલ જીતી ભારતનું ગૌરવ વધાર્યું છે.

ભારતીય વેટલિફ્ટર મીરાબાઈ ચાનૂએ મહિલા 48 કિલો વર્ગમાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. ચાનૂએ સ્નેચમાં 85 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 105 કિલો મળીને કુલ 190 કિલો વજન ઊંચક્યું હતું. આ સાથે તેમણે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સતત ત્રીજી વાર ગોલ્ડ મેડલ જીતવાની સુવર્ણ સિદ્ધિ મેળવી છે. તેમણે આ પહેલાં 2018 અને 2022 ના કોમનવેલ્થ ગેમ્સમાં પણ ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. મીરાબાઈ ચાનૂ માટે સ્નેચ શ્રેણીની શરૂઆત પડકારજનક રહી હતી, જેમાં તેઓ પહેલા પ્રયાસમાં 82 કિલો વજન ઊંચકી શક્યા નહોતા. જોકે, બીજા પ્રયાસમાં તેમણે સફળતાપૂર્વક 82 કિલો વજન ઊંચકીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. ત્યાર બાદ ત્રીજા પ્રયાસમાં ચાનૂએ 85 કિલો વજન ઊંચકીને પોતાનો જ રેકોર્ડ સુધાર્યો હતો. કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં સ્નેચ વર્ગમાં 85 કિલો વજન ઊંચકનારા તેઓ પ્રથમ મહિલા વેટલિફ્ટર બન્યા છે.સ્નેચ વર્ગમાં સૌથી આગળ રહ્યા બાદ ચાનૂએ ક્લીન એન્ડ જર્કમાં પણ સક્ષમ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. તેમણે પોતાના પહેલા જ પ્રયાસમાં 105 કિલો વજન રજિસ્ટર કરાવ્યું હતું. આ સફળ પ્રયાસ સાથે તેમણે કુલ 190 કિલો વજન ઊંચકીને પોઈન્ટ્સ ટેબલમાં ટોચનું સ્થાન મેળવી લીધું હતું.

મીરાબાઈ ચાનૂએ પોતાની કેટેગરીમાં શરૂઆતથી જ વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. કુલ 190 કિલોનો સ્કોર કરીને તેમણે ભારતના ખાતામાં વધુ એક ગોલ્ડ મેડલ ઉમેર્યો છે. સતત ત્રીજી કોમનવેલ્થ ગેમ્સમાં સ્વર્ણ પદક જીતીને તેમણે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો ઝંડો લહેરાવ્યો છે.




## ભારતના Gen-Z આંદોલનની ગૂંજ પાકિસ્તાન અને નેપાળ સુધી : યુવાનોએ કર્યા સલામ

**• નવી દિલ્હી**

ભારતની Gen-Z પેઢીને અગાઉ એવી માનવામાં આવતી હતી, જે મોબાઈલ પર વધુ સમય વિતાવે છે, દરેક વાત પર મીમ્સ બનાવે છે, અને ગંભીર મુદ્દાઓ પર લાંબો સમય ધ્યાન આપતી નથી. પરંતુ છેલ્લા એક મહિનામાં તેમની આ જ કહેવાતી નબળાઈઓ તેમની સૌથી મોટી તાકાત બની ગઈ. સતત ચાલેલા વિદ્યાર્થી આંદોલનોએ કેન્દ્ર સરકારને ઝૂકવા મજબૂર કરી, અને પરીક્ષા પેપર લીકના કેસ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું. આ આંદોલનમાં પરંપરાગત રાજકીય જાહેરનામાની જગ્યા મીમ્સ (Memes) એ લીધી, ઈન્સ્ટાગ્રામ રીલ્સ ભીડ ભેગી કરવાનું માધ્યમ બની, અને નાના-નાના વિડીયો પોલીસ કાર્યવાહીના પુરાવા બન્યા. ભારતનું આ આંદોલન હવે માત્ર પોતાના દેશ પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ પડોશી દેશો સુધી તેની ચર્ચા થઈ રહી છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે, Gen-Z નું ધ્યાન ઝડપથી ભટકી જાય છે, પરંતુ ભારતમાં થયેલા આ આંદોલને પડોશી દેશો શ્રીલંકા, નેપાળ અને પાકિસ્તાનના યુવાનોનું પણ ધ્યાન ખેંચ્યું છે. આ દેશોમાં અગાઉ પણ યુવા આંદોલનોનો ઈતિહાસ રહ્યો છે, તેથી ભારતના 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) આંદોલનને લઈને ત્યાં ખાસ રસ જોવા મળ્યો.એક યુવતીએ કહ્યું કે, 'ક્યાંક પ્રેમ ન થઈ જાય જો આટલું સરસ કરશો તો, હું નફરત કેવી રીતે કરીશ?, ભારતના Gen Z એ જે સાહસ અને એકતાનો પરિચય આપ્યો, તેનાથી પ્રભાવિત થયા વગર રહેવું મુશ્કેલ છે. સીમાઓ અલગ હોઈ શકે છે, પરંતુ આજની Gen Zની વિચારસરણી અને જોશ એક સરખા છે.'

## ઈરાનનું વધશે ટેન્શન ! ટ્રમ્પ-નેતન્યાહૂ વચ્ચે વ્હાઈટ હાઉસમાં મહત્ત્વની બેઠક યોજાશે

**• વોશિંગ્ટન**

ઈઝરાયેલના પૂર્વપ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ મંગળવારે વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મહત્ત્વની બેઠક કરશે. ઈઝરાયેલી પીએમ કાર્યાલયના જણાવ્યા મુજબ, નેતન્યાહૂ સોમવારે અમેરિકાના સત્તાવાર પ્રવાસે રવાના થશે. તેઓ રિપબ્લિકન સીનેટર લિન્ડસે ગ્રાહમના અંતિમ સંસ્કારમાં હાજરી આપવાની સાથે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં વ્હાઈટ હાઉસ ખાતે નેતન્યાહૂની આ 7મી મુલાકાત છે. વિશ્વના અન્ય કોઈ પણ નેતા કરતાં આ સંખ્યા સૌથી વધુ છે, જે ઈઝરાયેલ પ્રત્યે ટ્રમ્પ પ્રશાસનની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. એવા પણ અહેવાલો છે કે, આ બેઠકમાં ઈરાન સામે આકરો નિર્ણય લેવાની પણ સંભાવના છે.અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં થયેલા એમઓયુ હેઠળનો સીઝફાયર તૂટ્યા બાદ વાતાવરણ વધુ ગરમાયું છે. ઈઝરાયેલે આ કરારનો વિરોધ કર્યો હતો. યુએસ સેન્ટ્રલ કમાન્ડ ઈરાન પર સતત હુમલા કરી રહ્યું છે, જેના જવાબમાં ઈરાને પણ પ્રહારો કર્યા છે. તાજેતરમાં જ જોર્ડનમાં એક અમેરિકી બેઝ પર થયેલા હુમલામાં 3 યુએસ સૈનિકોના મોત થયા હતા.અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધને 5 મહિના પૂરા થવા આવ્યા છે ત્યારે ટ્રમ્પ અને નેતન્યાહૂની આ બેઠક ખૂબ જ નિર્ણાયક માનવામાં આવી રહી છે. 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ સંઘર્ષમાં ઈઝરાયેલ સીધું જોડાશે કે કેમ તેને લઈને ઈરાનમાં ચિંતા વધી છે.

### હિંસામાં અનેક પોલીસકર્મી થયા હતા ઘાયલ

## તેજ પ્રતાપ યાદવ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ દાખલ

### દોષિત સાબિત થશે તો 10 વર્ષની સજા

પટના : બિહાર બંધ દરમિયાન પટણામાં થયેલી હિંસાને લઈને જનશક્તિ જનતા દળ(JJD)ના વડા તેજ પ્રતાપ યાદવ માટે કાનૂની મુશ્કેલીઓ વધી ગઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા(BNS)ની અનેક ગંભીર કલમો હેઠળ તેમની સામે કેસ નોંધ્યો છે. આમાં સૌથી ગંભીર કલમ 109 છે, જે હત્યાના પ્રયાસ સાથે સંબંધિત છે. જો આ આરોપ કોર્ટમાં સાબિત થાય છે, તો આરોપીને 10 વર્ષ સુધીની જેલ અને દંડ થઈ શકે છે. જો ગંભીર ઈજા પહોંચાડવાનો આરોપ સાબિત થાય છે તો સજા આજીવન કેદ સુધી વધી શકે છે.અહેવાલો અનુસાર, પટણાની એક કોર્ટે તેજ પ્રતાપ યાદવને 14 દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. ત્યારબાદ તેમને બેઉર સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા છે. શનિવારે(25 જુલાઈ) સાંજે પટણાના એક શોપિંગ મોલમાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસ બિહાર બંધ દરમિયાન થયેલી હિંસા સાથે જોડાયેલો છે. પ્રદર્શન દરમિયાન ગાંધી મેદાન વિસ્તારમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. પથ્થરમારો અને હિંસાની ઘટનાઓ બની હતી, જેમાં ઘણા પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.ઘટના એમ છે કે, કથિત NEET પેપર લીકના વિરોધમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરવા અને વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીનો વિરોધ કરવા માટે બિહાર બંધનું એલાન આપવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન ગાંધી મેદાનની આસપાસ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.પોલીસનો આરોપ છે કે, વિરોધ હિંસક બન્યો અને ટોળાએ પથ્થરમારો કર્યો હતો. આ ઘટના દરમિયાન ગાંધી મેદાન પોલીસ સ્ટેશન હાઉસ ઓફિસર(SHO) અખિલેશ મિશ્રા અને TOP ઈન્ચાર્જ પ્રમોદ કુમાર સહિત અનેક પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

### ધર્મેન્દ્ર પ્રધાન પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી

## ભાજપ સાંસદની પુત્રીએ ધર્મેન્દ્ર પ્રધાન અંગે ચોંકાવનારી પોસ્ટ કરી

### ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ કરી દેવાયું

**ભુવનેશ્વર :** કેન્દ્રીય શિક્ષણ મંત્રી પદેથી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ ભુવનેશ્વરના ભાજપ સાંસદ અપરાજિતા સારંગીની પુત્રી અર્ચિતા સચિન રાહરની સોશિયલ મીડિયા પોસ્ટ વિવાદનું કારણ બની છે. આ પોસ્ટ બાદ ઓડિશા ભાજપના અનેક નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી, અને પાર્ટી અનુશાસનનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહરે પાછળથી કરેલી બીજી પોસ્ટમાં પણ પોતાનું વલણ ન બદલવાની વાત કહી હતી, જોકે બાદમાં તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ થઈ ગયું હતું.કેન્દ્રીય શિક્ષણ મંત્રી પદેથી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ, ભુવનેશ્વરના ભાજપ સાંસદ અપરાજિતા સારંગીની પુત્રી અર્ચિતા સચિન રાહરની સોશિયલ મીડિયા પોસ્ટે ઓડિશા ભાજપમાં નારાજગી ઊભી કરી છે. પાર્ટીના નેતાઓ અને કાર્યકરો વચ્ચે આ પોસ્ટને લઈને ચર્ચા તેજ બની છે. રાહરે ઈન્સ્ટાગ્રામ પર રાષ્ટ્રીય ધ્વજની પૃષ્ઠભૂમિમાં ધર્મેન્દ્ર પ્રધાનની તસવીર શેર કરતા લખ્યું કે, 'નીટ પેપર લીક મામલે વિદ્યાર્થીઓના ભારે વિરોધ પ્રદર્શન વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું.' જોકે, હવે અર્ચિતા રાહરનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ થઈ ગયું છે.બીજી તરફ, ઓડિશા ભાજપના નેતાઓ, જેમાં તેમની માતા અપરાજિતા સારંગી પણ સામેલ છે, તેમણે ધર્મેન્દ્ર પ્રધાન પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. સાંસદના કાર્યાલય સહાયક ધનેશ્વર બારિકે પીટીઆઈ સાથે ફોન પર વાતચીતમાં જણાવ્યું કે, 'દરેક વ્યક્તિને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે. તેમની પુત્રી પણ Gen-Z પેઢીની છે, અને તેણે કહ્યું છે કે, તે પોતાના નિવેદન પર કાયમ છે. તેને પોતાની વાત કહેવાનો પૂરો હક છે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું રાહરની સોશિયલ મીડિયા પોસ્ટથી ભુવનેશ્વરના સાંસદ મુશ્કેલીમાં મુકાઈ શકે છે, તો બારિકે કહ્યું, 'એ તો સમય જ બતાવશે.' જોકે, આ મુદ્દે પ્રતિક્રિયા આપવા માટે બે વારના સાંસદ અપરાજિતા સારંગી ઉપલબ્ધ થઈ શક્યા નહોતા.

### એક અઠવાડિયામાં જહાજ પર બીજો હુમલો

## બ્લેક સીમાં કોમર્શિયલ જહાજ પર ફરી હુમલો : 2 ભારતીય ગુમ

### ભારત સરકારે જાહેર કરી એડવાઈઝરી

**કીવ :** યુક્રેનના ઓડેસા બંદરગાહ પર એક વેપારી જહાજ પર ફરી ભયાનક હુમલો થયો છે. 'MV AGN Ragnar' નામના આ જહાજ પર 4 ભારતીય નાગરિકો સવાર હતા. કીવ સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા મુજબ, 2 ભારતીયો સુરક્ષિત છે, જ્યારે ગુમ થયેલા અન્ય 2 નાવિકોની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અઠવાડિયાની અંદર ભારતીય નાવિકો સાથે જોડાયેલી આ બીજી મોટી ઘટના છે.યુક્રેનનું સૌથી મોટું ઓડેસા બંદરગાહ સતત મિલાઈલ અને ડ્રોન હુમલાનો ભોગ બની રહ્યું છે. થોડા દિવસો પહેલા જ અહીંથી રવાના થયેલા 'MV Golden Leo' જહાજ પર હુમલો થયો હતો. 17 ક્રૂ મેમ્બર્સમાંથી 5 ભારતીયો હતા, જેમાં 4 ભારતીય નાવિકોના મોત થયા હતા અને 1 ગંભીર રીતે ઘાયલ થયો હતો.સતત વધી રહેલા હુમલાઓ સામે ભારત સરકારે કડક વલણ અપનાવ્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'નિર્દોષ નાગરિક નાવિકોનો જીવ જોખમમાં મૂકવો અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારને અસર પહોંચાડવી સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.' ભારતે તમામ પક્ષોને દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.કાળા સાગરમાં વધતા જોખમને ધ્યાનમાં રાખીને ભારત સરકારે નવી એડવાઈઝરી પણ જાહેર કરી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ સૂચના આપી છે કે, 'આ વિસ્તારમાં વેપારી જહાજો પર મિસાઈલ અને ડ્રોન હુમલાનું મોટું જોખમ છે. તેથી અહીં નોકરી કરવા માંગતા ભારતીયોએ કોઈપણ નિર્ણય લેતા પહેલા સુરક્ષા સ્થિતિની પૂરી તપાસ કરી લેવી.'સરકારે નાવિકો અને શિપિંગ કંપનીઓને જહાજનો રૂટ, વીમો અને ઈમરજન્સી સુવિધાઓ તપાસ્યા પછી જ નોકરી સ્વીકારવા જણાવ્યું છે. એપ્રિલ 2026 થી અત્યાર સુધીમાં આ વિસ્તારમાં 5 ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યા છે. દૂતાવાસે આશ્વાસન આપ્યું છે કે ગુમ થયેલા નાગરિકોને શોધવા માટે તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે.

**પ્રધાન સંપાદક**

# પૈસાથી બધું ખરીદી શકાય, વરસાદથી મુક્તિ નહીં!

અમદાવાદમાં પડેલા ભારે વરસાદે ફરી એકવાર શહેરના વિકાસના દાવાઓની વાસ્તવિકતા ઉજાગર કરી છે.સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે શહેરના પોશ વિસ્તારોમાં રહેતા સમૃદ્ધ અને અરબપતિ પરિવારોને નાગરિક સુવિધાઓની કોઈ અછત હોતી નથી. પરંતુ આ વખતે વરસાદે એવો ભેદભાવ રાખ્યો નહીં. શહેરના અનેક પોશ વિસ્તારોમાં આવેલા કરોડો અને અબજો રૂપિયાના બંગલાઓમાં વરસાદી પાણી ઘૂસી જતાં એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે–કુદરત સામે સંપત્તિ પણ ક્યારેક લાચાર બની જાય છે અને ખામીયુક્ત શહેરી આયોજનનો ભોગ દરેકને બનવું પડે છે.અમદાવાદના અનેક વૈભવી વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની ઘટનાઓ માત્ર સમાચાર નથી, પરંતુ શહેરી વિકાસના મોડેલ સામે ઊભા થયેલા ગંભીર પ્રશ્નો છે. કરોડો રૂપિયાની મિલકત ધરાવતા વિસ્તારોમાં જો વરસાદી પાણી કલાકો સુધી ઉભાં રહે, ઘરોમાં પાણી ઘૂસી જાય અને વાહનો પાણીમાં ડૂબી જાય, તો પછી સામાન્ય વસાહતોની સ્થિતિ કેવી હશે તેનો સહેલાઈથી અંદાજ લગાવી શકાય. વર્ષો સુધી સ્માર્ટ સિટી, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશ્વસ્તરીય વિકાસના દાવા કરવામાં આવ્યા છે. પહોળા રસ્તાઓ, ફ્લાયઓવર અને નવા પ્રોજેક્ટો શહેરના વિકાસનું પ્રતીક બની ગયા છે, પરંતુ વરસાદ પડે ત્યારે સૌથી પહેલાં ડ્રેનેજ વ્યવસ્થા જ નિષ્ફળ સાબિત થાય છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા વિના કોઈપણ શહેરને આધુનિક ગણાવી શકાય નહીં.આ ઘટનાનો સૌથી મહત્વનો સંદેશ એ છે કે નાગરિક સમસ્યાઓ વર્ગભેદ કરતી નથી. વરસાદી પાણી ગરીબ અને અમીર વચ્ચે ભેદ રાખતું નથી. જ્યારે કરોડો રૂપિયાના બંગલામાં પાણી ઘૂસે છે ત્યારે સ્પષ્ટ થાય છે કે સમસ્યા વ્યક્તિની નહીં, પરંતુ સમગ્ર શહેરી આયોજનની છે. વિકાસનો સાચો અર્થ માત્ર ઊંચી ઈમારતો કે વૈભવી ટાઉનશિપ ઊભી કરવો નથી, પરંતુ દરેક વિસ્તારમાં અસરકારક મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી છે.શહેરના વિસ્તરણની ગતિ છેલ્લા કેટલાક વર્ષોમાં ખૂબ વધી છે. નવી રહેણાંક યોજનાઓ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને રસ્તાઓ તો બન્યા, પરંતુ વરસાદી પાણીના કુદરતી વહેણના માર્ગોનું શું થયું? અનેક તળાવો, કુદરતી નાળા અને પાણીના માર્ગો પર દબાણો થતાં પાણી માટેનો કુદરતી રસ્તો બંધ થયો છે. પરિણામે ભારે વરસાદ પડે ત્યારે પાણીને બહાર નીકળવાનો માર્ગ મળતો નથી અને તે રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જાય છે.આ સમસ્યાનો બીજો મહત્વનો પાસો જવાબદારીનો છે. વરસાદ પછી દર વર્ષે સમીક્ષા બેઠક યોજાય છે, અધિકારીઓ સ્થળ મુલાકાત લે છે અને આગામી ચોમાસા પહેલાં સુધારા કરવાના વચનો આપવામાં આવે છે. છતાં વર્ષો બાદ પણ એ જ સ્થળોએ પાણી ભરાય છે. આ સ્થિતિ દર્શાવે છે કે સમસ્યા માત્ર વરસાદની નથી, પરંતુ આયોજન, અમલીકરણ અને જવાબદારીના અભાવની છે.આ ઘટના માત્ર અરબપતિઓના ઘરો સુધી મર્યાદિત નથી. જ્યારે શહેરના સૌથી વિકસિત ગણાતા વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થાય છે ત્યારે સમગ્ર શહેર માટે તે ચેતવણી સમાન છે. આજે પાણી વૈભવી બંગલાઓ સુધી પહોંચ્યું છે, કાલે તે હોસ્પિટલો, શાળાઓ, ઉદ્યોગો અને અન્ય જાહેર સેવાઓને પણ અસર કરી શકે છે. તેથી આ ઘટનાને માત્ર સંવેદનાત્મક સમાચાર તરીકે નહીં, પરંતુ શહેરી વ્યવસ્થાપન માટેના ગંભીર પાઠ તરીકે જોવાની જરૂર છે.નાગરિકોએ પણ પોતાની જવાબદારી સમજવી પડશે. વરસાદી પાણીના માર્ગોમાં કચરો નાંખવો, ગેરકાયદે દબાણો અને પર્યાવરણ પ્રત્યેની બેદરકારી સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. સરકાર, સ્થાનિક તંત્ર અને નાગરિકો–ત્રણે મળીને જ લાંબા ગાળાનો ઉકેલ લાવી શકે.અમદાવાદ જેવા મહાનગર માટે હવે સમય આવી ગયો છે કે વરસાદી પાણીના નિકાલ માટે વૈજ્ઞાનિક આયોજન, ડ્રેનેજ નેટવર્કનું આધુનિકીકરણ, કુદરતી જળમાર્ગોનું સંરક્ષણ અને જવાબદારી આધારિત કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવે. માત્ર વિકાસના દાવા પૂરતા નથી; વિકાસનો સાચો માપદંડ એ છે કે ભારે વરસાદ પછી પણ શહેર સામાન્ય જનજીવન જાળવી શકે.

**ડો.ઈલેવાન ઠાકર**

તંત્રના દોષિત વલણ સામે સ્થાનિકોમાં ભારે રોષ, કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માંગ

# સુખસરથી મોટાનટવા માર્ગ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય, વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ

**એપ્રોચ રોડ ન બનતા વેપારીઓના ધંધા પર માઠી અસર, ગ્રાહકો આવતા અટક્યા**



**• ફતેપુરા**

દાહોદ જિલ્લાના સુખસર વિસ્તારમાંથી એક મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં સ્થાનિક વહીવટી તંત્રની બેદરકારીના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. સુખસરથી મોટાનટવા તરફ જતા મુખ્ય માર્ગ પર ચોમાસાના વરસાદને કારણે કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે, જેને લીધે રાહદારીઓ અને વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. સુખસર ખાતે ખારી નદી પર બની રહેલા નવા બ્રિજનું કામ તો લગભગ પૂર્ણતાના આરે છે, પરંતુ બસ સ્ટેશન ચોકડીથી ખારી નદી બ્રિજ સુધીનો એપ્રોચ રોડ હજુ સુધી બનાવવામાં આવ્યો નથી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા સતત વરસાદને કારણે આ સમગ્ર રસ્તો કાદવ અને કીચડથી લથપથ થઈ ગયો છે.

આ માર્ગ રાવળના વરુણા, મોટા નટવા, નાની ઢઢેલી, ડબલારા અને વાસીયાકુઇ જેવા અનેક ગામોને સુખસર સાથે જોડતો મુખ્ય માર્ગ છે. દરરોજ અહીંથી હજારો વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને ગ્રામજનો પસાર થાય છે. પરંતુ લપસણા રસ્તાના કારણે બાઈક ચાલકો સ્લિપ થઈને નીચે પડી જવાના બનાવો પણ સતત બની રહ્યા છે. આ કાદવ-કીચડની સીધી અસર હવે વેપારીઓ પર પણ પડી રહી છે. રસ્તા પર ચાલી શકાય તેમ ન હોવાથી ગ્રાહકો દુકાનો સુધી પહોંચી શકતા નથી, જેના કારણે વેપારીઓના ધંધા-રોજગાર ભાંગી પડ્યા છે. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બ્રિજના કામ સ્થળે કોઈ લેબર કે એન્જિનિયર જોવા મળતા નથી.

જો પુલનું કામ પતી ગયું હોય તો એપ્રોચ રોડ કેમ નથી બનતો? અને જો કામ બાકી હોય તો તે કેમ અટકાવી દેવાયું છે? તેવા અનેક પ્રશ્નો સ્થાનિકો પૂછી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ચોમાસાની આ આકરી ઋતુમાં તંત્ર ક્યારે જાગે છે અને સ્થાનિકોને આ કાદવ-કીચડની આફતમાંથી ક્યારે મુક્તિ અપાવે છે.

# કોર્ટથી સજા પામેલો ૩ માસથી આરોપી સયાજીગંજ પોલીસે ઝડપી પાડ્યો



**• વડોદરા**

વડોદરા શહેરમાં કોર્ટ દ્વારા તકસીરવાન ઠેરવાયા બાદ છેલ્લા ત્રણ મહિનાથી પોલીસ પકડથી દૂર રહેલા આરોપીને સયાજીગંજ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, દિવાળીપુરા કોર્ટના 6ઠ્ઠા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળના ફોજદારી કેસમાં આરોપી ભાવેશ રમેશભાઈ માળીને સજા વોરંટ જારી કરવામાં આવ્યો હતો. આરોપી સજાથી બચવા માટે છેલ્લા ત્રણ મહિનાથી નાસતો ફરતો હતો. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર સુધીર દેસાઈ અને ઝોન-1 ડીસીપી ડો. જગદીશ ચાવડાના માર્ગદર્શન હેઠળ નાસતા આરોપીઓને ઝડપી પાડવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. તે અનુસંધાને "એ" ડિવિઝનના એસીપી ડી.જે. ચાવડાના માર્ગદર્શન હેઠળ સયાજીગંજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જે. પંડયાએ ટીમને કાર્યવાહી માટે સૂચના આપી હતી.

અકસ્માત અને પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાશે

# ફતેપુરામાં ઝાલોદ રોડ પર રસ્તાની પહોળાઈમાં ભેદભાવ સામે લોકોનો વિરોધ

**કામ તાત્કાલિક અટકાવવા અને સમાન પહોળાઈ રાખવા ઉગ્ર રજૂઆત**

**• દાહોદ**

ફતેપુરા ગામમાં ઝાલોદ રોડથી ગામમાં જતા રસ્તાના નિર્માણ કાર્યમાં પહોળાઈના ભેદભાવ મુદ્દે ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો છે. આ અંગે ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. R&B વિભાગ દ્વારા ઝાલોદ રોડથી ગામમાં પ્રવેશતા મુખ્ય રસ્તા અને ગટરનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ઝાલોદ રોડની બહારની બાજુએ રસ્તાની પહોળાઈ 14 મીટર રાખવામાં આવી રહી છે, જ્યારે ગામમાં પ્રવેશતા જ તેની પહોળાઈ ઘટાડીને માત્ર 7 મીટર કરવામાં આવી રહી છે. ગામની અંદર બંને તરફ દબાણો હોવા છતાં તેને હટાવ્યા વગર જ 7 મીટરનું માપ આપવામાં આવી



રહ્યું છે. આ ભેદભાવપૂર્ણ કામગીરી સામે સ્થાનિક રહીશો અને ગ્રામજનોએ સખત વાંધો ઉઠાવ્યો છે. ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે ઝાલોદ રોડ પર જેટલી પહોળાઈ રાખવામાં આવે છે, તેટલી જ પહોળાઈ ગામની અંદર પણ દબાણ હટાવીને કરવામાં આવે. જો આમ નહીં થાય તો ૧૪ મીટરમાંથી 7 મીટરમાં રસ્તો ઉતરતા જ ટ્રાફિક જામ, અકસ્માત અને પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાશે, જે સરકારી નાણાનો બગાડ ગણાશે. ગ્રામજનોએ આવેદનપત્રમાં વિનંતી કરી છે કે આ કામ તાત્કાલિક બંધ કરાવવામાં આવે. બહાર ૧૪ મીટર હોય તો અંદર પણ ૧૪ મીટરનો રસ્તો બનાવવા માટે દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવે. ઉપરાંત, ગામજનોની હાજરીમાં ફરીથી માપણી કરીને સમાન પહોળાઈ નક્કી કરવામાં આવે અને જ્યાં સુધી આ અંગે નિર્ણય ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારનું બાંધકામ કે પેમેન્ટ ન કરવામાં આવે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો 15 દિવસમાં આ બાબતે નિરાકરણ નહીં આવે તો તેઓ કલેક્ટર કચેરી અને ઉચ્ચ કચેરીઓમાં રજૂઆત કરવા મજબૂર બનશે.

# સલાટવાડામાં પત્તાના જુગાર પર ક્રાઈમ બ્રાન્ચનો દરોડો, છ ઝબ્બે



**• વડોદરા**

વડોદરા શહેરમાં જુગાર અને અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાન અંતર્ગત શહેર ક્રાઈમ બ્રાન્ચે સલાટવાડા વિસ્તારમાં સફળ કાર્યવાહી હાથ ધરી છે. તુલસીબાઈની ચાલી, રબારીવાસ ખાતે આવેલા એક મકાનમાં પત્તાના આધારે રૂપિયા વડે હારજીતનો જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી કુલ 6 જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન સ્થળ પરથી રૂ.10,120ની રોકડ રકમ, ચાર મોબાઈલ ફોન, પત્તાના 52 પાના સહિત કુલ રૂ.30,120નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે મકાનના સંચાલક સહિત તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી માટે કેસ કારેલીબાગ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. આ સમગ્ર કાર્યવાહી વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ અને ટીમ દ્વારા કરવામાં આવી હતી. શહેરમાં ગેરકાયદે જુગારની પ્રવૃત્તિઓ સામે પોલીસનું સઘન અભિયાન યથાવત્ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

'આવો, આપણે સૌ સાથે મળીને આપણા રામ ચોક ખાતે તિરંગાની શાનને વધુ બુલંદ કરીએ અને ભારત માતાના ગૌરવને વધારીએ ' ના સંકલ્પ સાથે રાષ્ટ્રપ્રેમની અનોખી ઉજવણી કરી

# નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં સુરત ખાતે કારગીલ વિજય દિન નિમિતે ભવ્ય કાર્યક્રમ યોજાયો

**મોટાવરાછાના રામ ચોક ખાતે ૧૦૦ ફૂટ ઉંચો રાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવ્યો તેમજ સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી**

**• જે બી ટાંક સુરત**

મોટા વરાછાના રામ ચોક ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કારગીલ વિજય દિવસ નિમિતે એક ભવ્ય અને ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટા વરાછા વિસ્તારમાં આપણા દેશની શાન અને અખંડ દેશભક્તિના પ્રતીક સમો ૧૦૦ ફૂટ ઊંચો ભવ્ય રાષ્ટ્રધ્વજ અત્રેના સુદામા ચોક નજીક રામ ચોક ખાતે સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે આ માત્ર એક ધ્વજની સ્થાપના નહિ, પરંતુ દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા, શૌર્ય અને આપણા ગૌરવશાળી ભારત પ્રત્યેની અવિચળ શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. આ ઐતિહાસિક પહેલ સમગ્ર વિસ્તાર માટે ગૌરવની ક્ષણ બની રહી છે. અને આવનારી પેઢીઓને દેશભક્તિની પ્રેરણા આપતી રહેશે. આ ઐતિહાસિક અને રાષ્ટ્રીય ગૌરવથી ભરપૂર પળના સાક્ષી બનવા તેમજ કારગિલ વિજય દિવસના પાવન અવસર પર રવિવારની સવારે આવેલા સૌ નાગરિકો, વિદ્યાર્થીઓને, ભાઈઓ બહેનોને નાયબ મુખ્ય મંત્રીશ્રીએ આભિનંદન પાઠવ્યા હતા. રાષ્ટ્રધ્વજારોહણ બાદ શ્રી હર્ષ સંઘવીએ તેમજ અન્ય મહાનુભાવોએ અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરી ભારતના વીર શહીદોને પુષ્પોથી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ લોકોએ 'આવો, આપણે સૌ સાથે મળીને આપણા રામ ચોક ખાતે તિરંગાની શાનને વધુ બુલંદ કરીએ અને ભારત માતાના ગૌરવને વધારીએ' ના સંકલ્પ સાથે રાષ્ટ્રપ્રેમની અનોખી ઉજવણી કરી હતી. આ સમગ્ર ઐતિહાસિક કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા, ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, એલ.એચ. ઝાલા, રાજદીપસિંહ નકુમ, કાનજીભાઈ ભાલાળા તેમજ મોટા વરાછા સ્થિત સુદામા ચેરિટેબલ ટ્રસ્ટના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.





Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

# બોલેરો ની ટક્કરે ટ્રેલરના પૈડા તળે કચડાતાં મોટરસાયકલ ચાલકનું મોત

### દેવગઢ બારીયા નગરના રાજમહેલની સામે ચોકડી પર દુર્ઘટના સર્જાઇ



**• દેવગઢ બારીયા**

દેવગઢ બારીયા નગરના રાજમહેલ સામે ચોકડી પર સામેથી આવતી મોટર સાયકલને ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક મોટર સાયકલ સાથે ફંગોળાઈને ટ્રેલરના આગળના વ્હીલ નીચે કચડાઈ જતાં ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે લઈ જતી સમયે રસ્તામાં જ તેનું મોત નીપજયું હતું. જ્યારે મોટર સાયકલ પર પાછળ બેઠેલ વ્યક્તિ બોલેરો ગાડીના આગળના ભાગે પછડાતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે બોલેરો ગાડીનો ચાલક પોતાના કબજાની બોલેરો ગાડી સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત વિગત અનુસાર એક વાહન ચાલક તેના કબજાની જી. જે. ૦૮. એફ.એ-૫૦૫૯ નંબરની બોલેરો ગાડી ગઈકાલે મોડી સાંજે પોણા સાતેક વાગ્યાના સુમારે દેવગઢ બારીયા નગરના રાજમહેલની સામે ચોકડી પર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી આગળ જઈ રહેલા આર.જે.૦૯.જી.સી.૦૯૬૫ નંબરના ટ્રેલરની પાછળ સાઈડ મારતા સામેથી આવી રહેલી જી.જે. ૨૦. એ.કે. ૫૪૪૦ નંબરની હીરો કંપનીની એચ.એફ. ડીલક્ષ મોટરસાયકલને સામેથી જોશભેર ટક્કર મારી પોતાના કબજાની બોલેરો ગાડી સ્થળ પર મૂકી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ દેવગઢબારિયા તાલુકાના ડાંગરિયા ગામના અવંતી ફળિયામાં રહેતા ૧૭ વર્ષીય કાર્તિકભાઈ અર્જુનભાઈ પટેલ મોટર સાયકલ સાથે ફંગોળાઈને ટ્રેલરના આગળના વ્હીલમાં આવી. જતા તેની કમરની નીચેનો ભાગ કચડાઈ જતાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. મોટર સાયકલ પર પાછળ બેઠેલ હરેશભાઈ સરતનભાઈ પટેલ બોલેરો ગાડીના આગળના ભાગે પટકાતાં તેના શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતાં જ દેવગઢ બારીયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી વાન મારફતે દેવગઢબારિયા બારીયા સરકારી હોસ્પિટલમાં લઈ જતા હોસ્પિટલમાં પહોંચે તે પહેલા જ રસ્તામાં ગંભીર ઈજાગ્રસ્ત કાર્તિકભાઈ અર્જુનભાઈ પટેલનું મોત નીપજ્યું હતું. જ્યારે હરેશભાઈ સરતનભાઈ પટેલને દેવગઢબારિયા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

**પ્રોત્સાહિત**

### લલિતભાઈએ સમાજ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું

# છોટાઉદેપુર તાલુકાની કાઇછેલ (કા) ની બે પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને દાતા તરફથી યુનિફોર્મ અને બૂટનું વિતરણ

### નાનકડી મદદ અને પ્રોત્સાહન થી બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી





**• છોટાઉદેપુર**

શિક્ષણ અને સેવાના ત્રિવેણી સંગમ સમાન એક પ્રેરણાદાયી પ્રસંગ કાછેલ ગામમાં જોવા મળ્યો હતો. કાછેલ (કા) પ્રાથમિક શાળા તેમજ ધાનક ફળીયા વર્ગ શાળાના તમામ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શાળાના ગણવેશ (યુનિફોર્મ) તેમજ બૂટ (સૂઝ)નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ગામના જ જાગૃત અને સેવાભાવી આગેવાન લલિતભાઈ કાળુંભાઈ રાઠવા દ્વારા આ ઉમદા કાર્ય માટે દાતા બનીને સમગ્ર ખર્ચ ઉપાડી લેવામાં આવ્યો હતો, નાનકડી મદદ અને પ્રોત્સાહન થી બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી.

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ બાળકોને નવો ગણવેશ અને બૂટ મળતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો ,લલિતભાઈના આ સરાહનીય પગલાથી ગરીબ અને મધ્યમ વર્ગના હાલમાં ખેતી કામ માટે આર્થિક સંકડામણ અનુભવતા વાલીઓને મોટી આર્થિક રાહત મળી છે અને ગામના આગેવાનની ઉદારતાને બિરદાવવા માં આવી હતી, આ પ્રસંગે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC ) દ્વારા લલિતભાઈ રાઠવા નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગ્રામજનોએ પણ જણાવ્યું હતું કે, પોતાના જ ગામના બાળકોના શિક્ષણ અને સુવિધા માટે આગળ આવીને લલિતભાઈએ સમાજ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ વિતરણ કાર્યક્રમ દરમિયાન શાળાનો સ્ટાફ, ગામના અન્ય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### દાહોદ કલેકટર સુરભિ ગૌતમ નાઓએ વિડીયો કોન્ફરન્સ યોજી

# દાહોદ જીલ્લામાં ભારેથી ભારે વરસાદની આગાહીના પગલે દાહોદ વહીવટી તંત્ર એલર્ટ

**સુદ્દઢ આયોજન** તાલુકા તંત્ર વાહકોને સાવચેતી અને તકેદારીના પગલાં લેવા જરૂરી સૂચનાઓ આપી : કલેક્ટર

**• દેવગઢ બારીયા**




હવામાન વિભાગ દ્વારા દાહોદ જીલ્લામાં આગામી દિવસો દરમ્યાન ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે જીલ્લા વહીવટી તંત્ર સાબદુ થયું છે. કલેકટર સુરભિ ગૌતમ નાઓએ તમામ અધિકારીઓ-કર્મચારીઓ અને તલાટીઓને ફરજિયાત પણે હેડકવાર્ટર પર હાજર રહી સંભવિત પરિસ્થિતિમાં સાવચેતી અને તકેદારીના તમામ પગલાં લેવા જણાવ્યું છે. અને દાહોદ જીલ્લા કલેકટર સુરભિ ગૌતમ નાઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તાલુકા તંત્ર વાહકોને દાહોદ જીલ્લામાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી પગલે સાવચેતી અને તકેદારીના પુરતા પગલાં લેવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. વધુમાં જીલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રો તા. ૨૪/૦૭/૨૦૨૬ શુક્રવારના રોજ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે. અને ડેમમાંથી વધુ પાણી આવકના સંજોગોમાં તળાવ-ડેમ નજીકના , નદી કિનારાના અને નીચાણવાળા વિસ્તારોમાં અસરગ્રસ્ત વિસ્તારના લોકોને સાવચેત કરવા સાથે જરૂર જણાય તો સલામત સ્થળે સ્થળાંતર કરવા તથા બચાવની કામગીરી કરવા તેમણે જણાવ્યું છે. તદુપરાંત ભારે વરસાદના કારણે જો કોઈ નુકસાની જણાય તો તાત્કાલિક જિલ્લા કંટ્રોલ રૂમમા જાણ કરવા જણાવાયું છે. આ વીડિયો કોન્ફરન્સમાં જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ , જીલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા , નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ સહિત પ્રાંત અધિકારીઓ , વનવિભાગના અધિકારીઓ , નાયબ જીલ્લા પોલીસ અધિક્ષકો , મામલતદારો , તાલુકા વિકાસ અધિકારીઓ સહિત સંકલનના અધિકારીઓ જોડાયા હતા.

# પાવીજેતપુર પાસે આવેલ ભારજ નદી પર બનાવેલ ડાયવર્ઝન ધોવાયુ

### લોકોને 40 કિલોમીટર ફેરવો કાપવાનો વારો આવ્યો

**• બોડેલી**



છોટાઉદેપુર જિલ્લામાં ગત મધ્યરાત્રીએ થી વરસાદ વરસતા આજે છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર પાસે આવેલ ભારજ નદી ઉપર આવેલ બ્રિજ તૂટી ગયો હોવાથી તંત્ર દ્વારા ભારજ નદીના પટમાં એક ડ્રાઈવરજન બનાવવામાં આવ્યું હતો . આ ડ્રાઈવરજન ઉપર છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી પાવીજેતપુર તેમજ આજુબાજુના ગામડા તેમજ જિલ્લાના કામે જતા લોકો મધ્યપ્રદેશને મળતો આ મેન હાઈવે પર ડ્રાઈવરજન ધોવાઈ જતા જિલ્લાના વાસીઓને ભારે તકલીફ વેઠવાનો વારો આવ્યો હાલ બ્રિજને પાસે વાહનો પસાર ના થાય તે માટે બેરેકેટ લગાવવામાં આવ્યા છે ભારજ નદી ના પટ ઉપર સરકારી તંત્ર દ્વારા ત્રણ વર્ષમાં ત્રીજી વખત આ ડ્રાઈવરજન બનાવવામાં આવ્યો અને ત્રણેય વખત પહેલા જ વરસાદમાં ધોવાઈ જતા લોકોમાં નારાજગી જોવા મળી છે છોટાઉદેપુર જિલ્લા નેશનલ હાઈવે 56 પર આવ નદી આવેલી છે અહીંયા થી મધ્યપ્રદેશ તેમજ છોટાઉદેપુર જોડાતું નેશનલ હાઈવે 56 પર આજે વરસાદના કારણે ડ્રાઈવરજન ધોવાયન થયો હોવાથી અને કરોડોના ખર્ચ જે બનાવેલ ડ્રાઈવરજન આજે પાણીમાં વહી ગયો છે અને છોટાઉદેપુર જિલ્લાના જબુગામ પાસે આવેલ મેરીયા નદી ઉપર બનાવેલ જનતા ડ્રાઈવરજન તે પણ આજે વરસાદમાં ધોવાનું થઈ ગયો છે જાને છોટાઉદેપુરના લોકોને પડતા ઉપર પાટુ મારી એવું જોવાઈ રહ્યુ છે બે દિવસ પહેલા છોટાઉદેપુર તંત્ર દ્વારા બોડેલી થી મોડાસર જતા ઓરસંગ બ્રિજ પણ ત્રણ દિવસ માટે સંપૂર્ણ નાના-મોટા વિહીકલ પણ બંધ કરી દેવામાં આવ્યા હતા લોકોને જાનની જોખમે જાખરપુરા નર્મદા મેન કેનલ ઉપર થઈને પસાર થવાનો વારો આવ્યો હતો ત્યારે આજે છોટાઉદેપુર જિલ્લાને મળતા નેશનલ હાઈવે ઉપર બે ડ્રાઈવરજન ધોવાતા લોકોમાં નારાજગી જોવા મળે છે અને અવરજવરમાં લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનું વારો આવ્યો છે

# ડભોઈ પંથક માં ચાર ઈંચ થી વધુ વરસાદ થી ખેડૂતો ખુશહાલ



**• ડભોઈ**

ડભોઈપંથકમાંવિતેલા24કલાકમાંચારઈંચજેટલોખેતીલાયકવરસાદનોંધાયોછે.જેથીધરતીપુત્રો માંઆણંદનીલાગણીવ્યાપીજવાપામીછે.જ્યારેતંત્રધ્વારાઆગામીસમયમાં11જિલ્લાઓમાંઅતિ ભારેવરસાદનીઆગાહીમાટેવોર્નિંગએલાર્મમોબાઈલપરવગાડીલોકોનેસાવચેતરહેવાજણાવ્યુંછે.

ડભોઈ પંથક માં ગત રાત્રી થી ખેતી લાયક વરસાદ વરસી રહ્યો છે.વરસાદી સિઝન ની પ્રથમ હેલી વરસતા વાતાવરણ માં ઠંડક પ્રસરી ગઈ હતી.વિતેલા 24 કલાક માં ચાર ઈંચ વરસેલા વરસાદ થી ખેડૂતો માં આનંદ ની લાગણી વ્યાપી જવા પામી હતી.જ્યારે ગરમી અને બફારા થી ત્રસ્ત લોકો ને વાતાવરણ માં આહલાદક ઠંડક પ્રસરી જતા રાહત અનુભવી હતી.જ્યારે રાજ્ય સરકાર ના તંત્ર ધ્વારા સાંજે ચાર વાગ્યા ના ટકોરે લોકો ના મોબાઈલ પર એલાર્મ સાથે મેસેજ મોકલી 11 જિલ્લા જેમાં વડોદરા,ભરૂચ, નર્મદા,છોટાઉદેપુર,દાહોદ, પંચમહાલ,સુરત,તાપી,ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાઓ ને આગામી સમય માં એલર્ટ રહેવા જણાવાયું હતું.જ્યારે નીચાણવાળા વિસ્તારો મા વસવાટ કરતા લોકો ના જીવ પડીકે બંધાયા હતા.જિલ્લા શિક્ષણ સમિતિ ધ્વારા શાળાઓમાં રજા જાહેર કરી દેવાઈ છે.ચોમેર વરસાદ ને કારણે નદીઓમાં નવા નીર નો સંચાર થયો હતો.

# દેવગઢ બારીયા નગરપાલિકાની પેટાચૂંટણી અનુલક્ષીને તા. 28 જુલાઈએ સ્થાનિક જાહેર રજા

**• દેવગઢ બારીયા**

દેવગઢ બારીયા નગરપાલિકાના છ (૬) ખાલી પડેલી બેઠકો માટે યોજાનારી પેટાચૂંટણીને અનુલક્ષીને દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા તા. 28 જુલાઈ 2026 (મંગળવાર) ના રોજ દેવગઢ બારીયા નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ સરકારી , અર્ધસરકારી કચેરીઓ , શૈક્ષણિક સંસ્થાઓ તેમજ જાહેર સંસ્થાઓ માટે સ્થાનિક જાહેર રજા જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્રો તેમજ ભારત સરકારના કર્મચારી અને તાલીમ વિભાગના માર્ગદર્શનોને અનુસરીને મતદાનના દિવસે મતદારો પોતાના મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. દાહોદ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. કે, મતદાનના દિવસે સરકારી કર્મચારીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં રોકાયેલા હોવા ઉપરાંત કેટલીક શાળાઓમાં મતદાન મથકો પણ કાર્યરત રહેશે. આથી ચૂંટણી પ્રક્રિયા સુચારુ અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે સ્થાનિક જાહેર રજા જાહેર કરવામાં આવી છે. દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારીએ દેવગઢ બારીયા નગરપાલિકા વિસ્તારના તમામ મતદારોને તા. 28 જુલાઈ, 2026ના રોજ યોજાનાર પેટાચૂંટણીમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

### SGFI શાળાકીય રમતો ગોવિંદ ગુરુ લીમડી તાલુકા કક્ષાની રમતમાં ઉત્સાહપૂર્વક ખેલાડીઓએ ભાગ લીધો

# SRP ગૃપ પાવડી ખાતે યોજાયેલી ખો ખો સ્પર્ધામાં તેતરીયા પ્રાથમિક શાળા અવ્વલ

**• ઝાલોદ**



મળતી માહિતી મુજબ ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના છેવાડાના વિસ્તારની પ્રાથમિક શાળા તેતરીયામા રમતવીર શાળાના આચાર્ય શ્રી વહોનિયા ઝીથાભાઈ અને હિતેષભાઈ નિસરતા ની મેદાન ન હોવા છતાં તેમની તનતોડ મહેનત ના કારણોસર આ પ્રાથમિક શાળા ના બાળકો દર વર્ષે તાલુકા.જિલ્લાઅને રાજ્ય કક્ષાએ પ્રથમ અને દ્વિતીય નંબરો મેળવીને શાળાનુ અને તાલુકા નુ અને ગામનુ નામ રોશન કરતા જોવા મળે છે જેમા હાલ એસ આર પી ગૃપ પાવડી ખાતે રમાઈ રહેલી એસ.જી.એફ.આઈ.તાલુકા કક્ષાની શાળાકીય રમતો નિચે મુજબની રમતોમાં વિજેતા બનીને. વિજેતા ટીમ જિલ્લા કક્ષાએ.ગોવિદ ગુરુ લીમડી તાલુકાનુ નેતૃત્વ કરશે

U -14 ભાઈઓની ટીમ દ્રિતિય
U -14 બહેનોની ટીમ પ્રથમ
U -17 ભાઈઓની ટીમ પ્રથમ
U -17 બહેનોની ટીમ પ્રથમ

નંબરો મેળવીને જિલ્લા કક્ષાએ મેદાનમા ઉતરછે શાળા વતી અને તેતરીયા ગામ વતી સૌ લોકોએ જિલ્લા કક્ષાએ નામ રોશન કરે તેવા આશિર્વાદ આપ્યા છે અને આચાર્ય શ્રી વહોનિયા ઝીથાભાઈ અને હિતેષભાઈ નિસરતા ની કામગીરીને બિરદાવી હતી

ઉધના ઝોનમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં GRAB BUCKET મશીનની મદદથી સ્ટોર્મ વોટર ડ્રેનેજની સઘન સફાઈ

# ભારે વરસાદ અને પૂર બાદ જનજીવન પુનઃસ્થાપિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા સઘન કવાયત

**વરસાદી પૂર ઓસરતા જ વાહનચાલકોની સરળ સરળ-સુગમ અવરજવર માટે મનપાની ટીમોએ રસ્તાઓની ઝડપી સાફસફાઈ**

• જે બી ટાંક પત્રકાર સુરત

સુરત શહેરમાં ભારે વરસાદ અને પૂર બાદ જનજીવન પુનઃસ્થાપિત કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સંકલિત કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદી પાણી ઓસર્યા બાદ મેન્યુઅલ ટીમો અને અદ્યતન મશીનરીની મદદથી માર્ગો, જાહેર સ્થળો અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરી શહેરને ઝડપથી સામાન્ય સ્થિતિમાં લાવવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાહનચાલકોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે રસ્તાઓની ઝડપી સાફસફાઈ, સ્ક્રેપિંગ તથા GSB ફિલિંગની કામગીરી તેમજ કચરાના નિકાલની કામગીરી સતત શરૂ છે. ભરત કેન્સર હોસ્પિટલ રોડ, સારોલી ગામ અને સણીયા ગામ વિસ્તાર તેમજ મીઠી ખાડી વિસ્તારમાં વરસાદી પાણી ઓસરતાં જ સફાઈ, કાદવ દૂર કરવાની અને માર્ગને અવરજવરલાયક બનાવવાની કામગીરી તાત્કાલિક હાથ ધરાઈ હતી. ઉધના ઝોનમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં GRAB BUCKET મશીનની મદદથી સ્ટોર્મ વોટર ડ્રેનેજની સઘન સફાઈ કરી પાણીના પ્રવાહને સરળ બનાવવામાં આવ્યો હતો. પાણીના સરળ નિકાલમાં કોઈ અવરોધ ન રહે તે માટે સ્ટોર્મ ડ્રેનેજના ઝાળિયાંની તાત્કાલિક ધોરણે સફાઈ કરવામાં આવી છે. લિંબાયત ઝોનમાં ડુંભાલ ફાયર સ્ટેશન વિસ્તાર તથા મીઠી ખાડી વિસ્તારમાં મ્યુ. કમિશનરશ્રી એમ. નાગરાજને સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને સ્થાનિક નાગરિકો સાથે રૂબરૂ મુલાકાત કરી તેમની રજૂઆતો સાંભળી વરસાદી પાણીનો ઝડપી નિકાલ, સઘન સફાઈ કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા તેમજ નાગરિકોને ત્વરિત રાહત મળે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓની સફાઈ, બ્રશિંગ તેમજ જંતુનાશક પાવડર અને દવાના છંટકાવની સઘન કામગીરી હાથ ધરી રોગચાળા નિવારણની સાથે શહેરીજનોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી નાગરિકોને સુરક્ષિત રીતે SMCના રિલીફ સેન્ટરોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે, જ્યાં ભોજન, શુદ્ધ પીવાનું પાણી તેમજ અન્ય જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સાથે મેડિકલ ટીમ દ્વારા સતત આરોગ્ય પરીક્ષણ અને મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.








ગાંધીનગર મહાનગર ખાતે વોર્ડ ૧૦ માં

# 'મન કી બાત' કાર્યક્રમનો ૧૩૬ મો એપિસોડ નિહાળ્યો

**મુખ્યમંત્રી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં**





• ગાંધીનગર

રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર મહાનગર ખાતે વોર્ડ ૧૦ માં સમાવિષ્ટ સેકટર-૧ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૩૬ મો એપિસોડ યુવાનો અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ સાથે નિહાળ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સેક્ટર-૧ સ્થિત મહાકાલેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂજા-અર્ચના કરી રાજ્યના સર્વાંગી વિકાસ, સુખ-સમૃદ્ધિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

સીનીયર સીટીઝનના હોદ્દેદારોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી

# ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને સિધ્ધપુર તાલુકા સિનિયર સિટીઝન સંગઠનની વાર્ષિક સભા યોજાઈ



• સિદ્ધપુર

સિધ્ધપુર તાલુકા સિનિયર સિટીઝન સંગઠનની ૧૯ મી વાર્ષિક સાધારણ સભા બિંદુ સરોવર નિરમા અતિથિગૃહમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાઈ જેઓ આ સંગઠનના અધ્યક્ષ પણ છે તેઓએ જણાવ્યું કે જ્યારે જ્યારે હું સિનિયર સિટીઝન સંગઠનના કાર્યક્રમમાં આવું છું ત્યારે મને સૌથી વધુ આનંદ થાય છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓએ ખૂબ જ આનંદથી રહેવું જોઈએ જેઓએ પોતાની જિંદગીમાં કુટુંબ અને સમાજ માટે ખૂબ જ મોટું યોગદાન આપેલું છે તેઓએ દાતાઓના દાનને બિરદાવ્યું. આ પ્રસંગે ભોજન દાતા અમૃત ભારતી સ્વામીનું, સ્ટીલની સ્ટીકના દાતા શૈલેષભાઈ પંચોલીનું તેમજ શાલના દાતા વિરેન્દ્રકુમાર ઠાકરનું સન્માન કરવામાં આવ્યું જાન્યુઆરીથી એપ્રિલ મહિના દરમિયાન જન્મદિવસ ધરાવતા સભાસદોના જન્મદિવસની કેક કાપી સાલ ઓઢાડી સન્માન કરી ઉજવણી કરવામાં આવી ૭૫ વરસ પૂર્ણ કરનાર સભાસદોને સ્ટીલની લાકડી અર્પણ કરી તેમના જીવન પ્રવાસ અને સમાજ પ્રત્યેના યોગદાનને સન્માન પૂર્વક બિરદાવામાં આવ્યા. આ પ્રસંગે પ્રમુખ નવીનચંદ્ર મોદીએ તેમજ મંત્રી ભરતભાઈ ઠાકરે સંગઠન વિશે માહિતી આપી, ઉપ-પ્રમુખ જે.ડી.પટેલે મહેમાનોનો પરિચય આપ્યો આ ઉપરાંત ખજાનચી ધીરુભાઈ મોદીએ હિસાબો રજૂ કર્યા જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. ઉપપ્રમુખ નટુભાઈ નાઈ, ગોવિંદભાઈ દરજી, શૈલેષભાઈ શાહ, નરેન્દ્રભાઈ ઠાકર, દશરથભાઈ સુથાર, મફતલાલ પટેલ, વિ.કે. પટેલ, બીપીનભાઈ દવે, વાલજીભાઈ ચૌધરી, મુકેશભાઈ રાવલ સહિત સીનીયર સીટીઝનના હોદ્દેદારોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી અગ્રણીઓ હાજર રહ્યા હતા પ્રીતિ ભોજન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# શ્લોક ઉપાધ્યાયે બેડમિન્ટન ટુર્નામેન્ટમાં દ્વિતિય સ્થાન મેળવ્યું



**મણીનગરના વિદ્યાર્થીએ સ્કુલ અને પરિવારનું નામ રોશન કર્યું**

• અમદાવાદ

સ્ટુડન્ટ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદમાં આયોજિત જીલ્લા લેવલની અંડર 14 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મણીનગર ખાતે રહેતા અને એમ ઈન્ડરનેશનલ સ્કુલના 8મા ધોરણના વિદ્યાર્થી શ્લોક ઉપાધ્યાયે દ્વિતિય સ્થાન મેળવી પોતાની સ્કુલ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. શ્લોક ઉપાધ્યાયે નાનપણથી જ વિવિધ લોકલ ટુર્નામેન્ટોમાં ભાગ લીધો છે અને અનેક વખત પ્રથમ ક્રમે આવીને પોતાની સ્કુલ તથા પરિવારનું નામ રોશન કર્યું છે. આ ટુર્નામેન્ટમાં પણ તેણે પોતાની પ્રતિભા અને મહેનતથી ઉત્તમ પ્રદર્શન કર્યું. શ્લોકના દાદા ગોપાલભાઈ ઉપાધ્યાય અને તેના નાના નવિનભાઈ સેવક, જે ભારત રક્ષા મંચના પ્રાંત ઉપાધ્યક્ષ છે, તેમણે સંયુક્ત નિવેદન આપીને પૌત્રની સફળતા પર આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, 'શ્લોકે સતત મહેનત અને પ્રતિબદ્ધતા દ્વારા આ સફળતા પ્રાપ્ત કરી છે, જે સમગ્ર પરિવાર માટે ગૌરવની વાત છે.' શ્લોક ઉપાધ્યાયે અગાઉ પણ અનેક લોકલ ટુર્નામેન્ટોમાં વિજેતા બનીને પોતાની પ્રતિભાનું પ્રમાણ આપ્યું છે. એમ ઈન્ડરનેશનલ સ્કુલના શિક્ષકમંડળે પણ શ્લોકને શુભેચ્છા પાઠવી હતી. આ ટુર્નામેન્ટ સ્ટુડન્ટ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજન કરવામાં આવી હતી, જેમાં શહેરના વિવિધ સ્કુલોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં શ્લોકે પોતાની રમતગમતની ક્ષમતા દર્શાવી, આગામી સ્પર્ધાઓ માટે આત્મવિશ્વાસ વધાર્યો છે. શ્લોકના પરિવારજનો અને સ્કુલના શિક્ષકોએ આશા વ્યક્ત કરી છે કે, આવનારા સમયમાં પણ શ્લોક આવી જ સફળતા પ્રાપ્ત કરતો રહેશે. શ્લોક ઉપાધ્યાયની સફળતા મણીનગર વિસ્તાર તેમજ એમ ઈન્ડરનેશનલ સ્કુલ માટે પણ પ્રેરણાદાયી બની છે. આ તાજેતરની સફળતા અંગે શ્લોકના દાદા અને નાના દ્વારા આપવામાં આવેલા નિવેદન પ્રમાણે, પરિવારના તમામ સભ્યોમાં ખુશીની લાગણી પ્રસરી છે.



રક્તદાન એ મહાદાન સાર્થક થયું

# સિધ્ધપુરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

**સ્વયંસેવકો તેમજ સહયોગી મિત્રો ઉપસ્થિત રહ્યા**



**સિદ્ધપુર :** સિધ્ધપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ, ઉત્તર ગુજરાત સિંધી સમાજના અગ્રણી સ્વ. નારાયણદાસ લાલુમલ લસ્સીવાલાની દ્વિતીય માસિક પુણ્યતિથિના અવસરે આયોજિત રકતદાન કેમ્પમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિતિ રહી સંવાદ કર્યો. માનવ સેવાના આ પવિત્ર યજ્ઞમાં મોટી સંખ્યામાં રકતદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્વૈચ્છિક રકતદાન કરી માનવતા પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી. રકતદાન એ મહાદાન છે, જે અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી સાબિત થાય છે. ઈશ્વર સ્વ. નારાયણદાસ લાલુમલ લસ્સીવાલાના પવિત્ર આત્માને ચિરશાંતિ અર્પે તથા તેમના સેવાભાવના સંસ્કારો આપણને હંમેશા સમાજસેવાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતા રહે તેવી પ્રાર્થના કરવામાં આવી. આ કાર્યક્રમમાં નારાયણદાસ(નારીભાઈ)ના પરિવારજનો, નગરપાલિકાના સદસ્યો, એપીએમસીના ચેરમેન, શહેર ભાજપના પ્રમુખ, તમામ મહાનુભાવો, રકતદાતાઓ, સમાજના આગેવાનો, તબીબી ટીમ, સંગઠનના હોદેદારો, સ્વયંસેવકો તેમજ સહયોગી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ખાતેઅતિવૃષ્ટિના સમયમાં

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનો માનવીય અભિગમ

**સેવા વસ્તીમાં ફૂડ પેકેટ્સ અને પાણીનું વિતરણ કરાયું**



**અમદાવાદ :** તાજેતરમાં રાજ્યમાં થયેલી ભારે અતિવૃષ્ટિને કારણે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. ઘણા ઘરોમાં ચૂલો પણ સળગે તેમ ન હોવાથી, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) ના અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદી દ્વારા માનવતાના ધોરણે મદદરૂપ થવા વિશેષ અપીલ કરવામાં આવી હતી. આ અપીલને માન આપી ગાંધીનગર બ્રહ્મ સમાજની ટીમ દ્વારા સેવા વસ્તીમાં ભોજન અને પીવાના પાણીનું વિતરણ કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ અમિત જોશી, શહેર પ્રમુખ હાર્દિક જાની, યુવા પ્રભારી સ્મિત વ્યાસ તેમજ કેતન જોશી અને દેવેનભાઈના વિશેષ સહયોગથી આ સેવા યજ્ઞ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સેવા વસ્તીમાં વસતા જરૂરિયાતમંદ લોકોને પૌષ્ટિક આહાર તરીકે પુરી-શાક, ખીચડી અને પીવાના પાણીની બોટલો ધરાવતા ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનો સદા એવો દ્રઢ સંકલ્પ રહ્યો છે કે જ્યારે પણ ગુજરાતમાં કોઈ કુદરતી આપત્તિ કે સંકટનો સમય આવે, ત્યારે સમાજ હંમેશા સેવાની પહેલ કરી સરકાર અને સંગઠનની સાથે રહીને રાહત કામગીરીમાં અગ્રેસર રહે છે. સમાજના હોદ્દેદારો અને સેવાભાવી સભ્યોની આ ઝડપી અને સંવેદનશીલ કામગીરીની સ્થાનિક રહીશો દ્વારા ભારે સરાહના કરવામાં આવી હતી.

કારગિલ વિજયના શૌર્યને સલામ

# સુરતમાં કારગિલ વિજયોત્સવ વાર્ષિક સૈનિક સંમેલન યોજાયું




• જે બી ટાંક પત્રકાર ગુજરાત

કારગિલ વિજય દિવસ નિમિત્તે શ્રી સુરત જિલ્લા માજી સૈનિક સેવા મંડળ દ્વારા 'કારગિલ વિજયોત્સવ તથા વાર્ષિક સૈનિક સંમેલન' સુરત જિલ્લા કલેકટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. અમીધારા વાડી ખાતે કારગીલ દિવસની પૂર્વ યોજાયેલા કાર્યક્રમમાં કારગિલ યુદ્ધના અમર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી તેમજ ભારતીય સશસ્ત્ર દળોના શૌર્ય, પરાક્રમ અને અદમ્ય સાહસને બિરદાવીને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં પૂર્વ સૈનિકો, વીર નારીઓ, સૈનિક પરિવારો, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રણી નાગરિકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન દેશસેવામાં વિશિષ્ટ યોગદાન આપનાર પૂર્વ સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વધુ રંગત આપતા કન્ટ્રી સાઈડ ઈન્ટરનેશનલ સ્કૂલ અને પ્રેસિડેન્સી સ્કૂલના વિદ્યાર્થીઓએ દેશભક્તિથી ઓતપ્રોત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત સૌનું મન મોહી લીધું હતું. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, કારગિલ વિજય માત્ર લશ્કરી જીત નહીં પરંતુ ભારતના સૈનિકોના અદમ્ય મનોબળ, શિસ્ત, દેશભક્તિ અને સર્વોચ્ચ બલિદાનનું જીવંત પ્રતીક છે. તેમણે યુવા પેઢીને રાષ્ટ્રપ્રેમ, કર્તવ્યનિષ્ઠા અને શિસ્તને જીવનમંત્ર બનાવવાનો સંદેશ આપ્યો હતો. શ્રી સુરત જિલ્લા માજી સૈનિક સેવા મંડળ દ્વારા પૂર્વ સૈનિકોના કલ્યાણ, તેમના પરિવારજનોના હિત તથા સમાજમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવા માટે સતત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કાર્યક્રમના અંતે આયોજનમાં સહયોગ આપનાર મહેમાનો, દાતાશ્રીઓ, સહયોગી સંસ્થાઓ, સ્વયંસેવકો અને ઉપસ્થિત તમામ પૂર્વ

ટ્રાફિક નિયમોનું પાલન કરવા તંત્રની અપીલ

# બગોદરા-સનાથલ નેશનલ હાઈવે ફરીવાર શરૂ કરાયો

**નિયત ગતિમર્યાદામાં વાહન ચલાવવા અપીલ**

• અમદાવાદ

અમદાવાદ-બગોદરા હાઈવે ભારે વરસાદના કારણે બંધ કરાયા બાદ હવે વાહનવ્યવહાર માટે ફરી ખુલ્લો મુકાયો છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસે સનાથલથી બગોદરા સુધીનો આ માર્ગ મોટરેબલ બન્યાની જાહેરાત કરી. વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, નિયત ગતિમર્યાદામાં વાહન ચલાવવા અને પોલીસ સૂચનાઓનું પાલન કરવા અપીલ કરાઈ છે. કોઈ પણ ઈમરજન્સી માટે 112 હેલ્પલાઈન કાર્યરત છે. અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદના કારણે પ્રભાવિત થયેલા અમદાવાદ-રાજકોટ માર્ગ અંગે રાહતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ભારે વરસાદને કારણે બંધ કરવામાં આવેલો સનાથલથી બગોદરા સુધીનો હાઈવે હવે સંપૂર્ણપણે મોટરેબલ (વાહનવ્યવહાર યોગ્ય) થઈ ગયો છે અને તેના પર વાહનોની અવરજવર માટે શરૂ કરી દેવામાં આવ્યો છે. હાઈવે ફરી શરૂ થવાની સાથે જ અમદાવાદ ગ્રામ્ય પોલીસે નાગરિકો અને વાહનચાલકો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરી છે. તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી છે કે, મુસાફરી દરમિયાન ટ્રાફિકના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું. રસ્તાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વાહન નિયત ગતિમર્યાદામાં જ ચલાવવું. માર્ગ પર તૈનાત પોલીસ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરવું. મુસાફરી દરમિયાન કોઈપણ પ્રકારની આપત્તિ, દુર્ઘટના કે કટોકટીની સ્થિતિ સર્જાય તો તાત્કાલિક મદદ મેળવવા માટે ગ્રામ્ય પોલીસ દ્વારા ૧૧૨ (112) નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.